કલિયુગનો અવતાર થયો છે
તેની ઉત્પત્તીને લખી શોધ આપ.

કલિધર્મ ગ્રંથ.

ભગવાનના ૨૪ અવતાર ને તેનો

રચનાર
ભટ ગોવિંદરામ ભક્તરાજ મયા
ગામ માણાવદરના .

છપાવી પ્રસિદ્ધ કરનાર
પ્રેહલાદ ધીરજરામ ત્રવાડી, રહેવાશ

સંવત ૧૯૫૧. સને ૧૮૯

કીંમત સવા આનો.

“ભીમ સેન” પ્રિંટિંગ પ્રેસ.

૫૮૫૧

પ્રમાણે સ્ટર કરાવી છે.)

પ્રસ્તાવના.

હે! સદ્ગુણી, સજ્જનો, સત્યયુગ, ધર્મ ગ્રહણ પ્રેમ ભાવિક
વાંચનાર મિત્રો !

આ કલી ધર્મ ગ્રંથ શાસ્ત્રોક્ત, રચાએલો છે. તે અધર્મથી વિરક્ત થઇ સત્યયુગ, ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિભાવ. દયા એ આદી ગુણ ગ્રહણ કરવા તેજ ગુણી જનોને ભૂષણ રૂપ છે. ચાર યુગના આયુષ્યની ગણત્રી વાંચો :—

૧ સત્ય એટલે કૃત યુગ તે ૧૭૨૮૦૦૦ વરસ ને કાં॰ શુ॰ [illegible]ી,
૨ ત્રેતા ,, ૧૨૯૬૦૦૦ ,, વૈ॰ શુ॰ ૩ થી.
૩ દ્વાપર ,, ૮૬૪૦૦૦ ,, માઘ શુ॰ ૫ થી.
૪ ચાલતો ૪ થો કલીયુગ તે ૪૩૨૦૦૦ ,, શ્રાવણ શુ॰ ૫ થી.

એ ચાર યુગ મળી એક ચોકડીનાં વરસ ૪૩૨૦૦૦૦ થયાં. તેમાં કલીના પ્રથમ ચરણમાંના વરસ ૪૯૯૫ મું ચાલે છે તે હાલ શીશુ વયમાં છે. તે કલીના ધર્મ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મચ્છર, માન, ઈર્ષા, દંભ, કપટ, છળ રાગ, દ્વેષ, હિંસા, મદ્યપાન, માંશ, પરસ્ત્રી સંઘ એ આદી પ્રવર્તાવવા આરંભ કરે છે. તે જેમ જેમ કલી વય વધશે તેમ તેમ વૃદ્ધી પામતા જશે; માટે ગુણી જનો આ કલી ધર્મનો ત્યાગ કરી,

સતયુગ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિભાવ, દયા એ આદી શુભ કર્મ, સતયુગના ધર્મ મર્યાદા સહિત પોત પોતાના સાચા ઇષ્ટ દેવોના ગ્રંથોને અનુસરી વરતવું તેજ આ લોકને વિષે તથા પર લોકને વિષે અત્યંત સુખને આપનારૂં છે તે નિઃસંશય છે.

લા૦ હિતેચ્છુ,

પ્રેલ્હાદ ધીરજરામ ત્રવાડી.

દોહરો.

કલિ ધર્મ કલિયુગના, શાસ્ત્ર પ્રમાણે જેહ;
વિગતીથી વગોઇને, કવિ દાખ્યા છે એહ.

—o-o:x:o-o—

અથ કલિયુગના ધર્મ વિશે.

પદ રાગ ગરબી.

ભાઇયો સાંભળો શાણા જન, કલિયુગ આવ્યોછરે;
જેહ પાંડવ ને શ્રીકૃષ્ણે, કહી સંભળાવ્યોછરે. ટેક.
બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય ને શુદ્ર, ચારે વર્ણો કહાવેછરે;
તે સર્વ નીજ નીજ ધર્મ લોપી, આડે માર્ગે જાવેરે. કલી૦ ૧
પ્રથમ કલીયુગનાં બ્રાહ્મણનાં, લક્ષણ કહીને સંભળાવુંછરે;
તે કેડે બીજા સર્વનાં લક્ષણ, ગાઇ બતાવુંરે. કલી૦ ૨
ઉત્તમ જાતિ માણસ થઇને, કરશે મદિરાપાનછરે;
ભૈરવ આદી દેવને ભજશે, નહીં ભજે ભગવાનરે. કલી૦ ૩
વેદ વિદ્યા અભ્યાસ તજીને, કરશે નીચની સેવાછરે;
નવા કર્યાંનાં કામજ કરશે, લાજ તજી ધન લેવારે. કલી૦ ૪
ગાયત્રી સંધ્યા પરહરશે, કૃશી કર્મ તે કરશેછરે;
બ્રાહ્મણી ખેતર ભાત લઇ જાશે, તે ખાઇને પેટ ભરશેરે કલી૦ ૫

માઝમ મફર લસણ પલાંડું, ખાશે ખાતે ખાતેજીરે;
ભાંગ્ય અફીણ ઘુટીને પીશે, કરશે કેફ બહુ ભાતેરે. કલી૦ ૬
કન્યાઓના પૈશા લેશે, દેશ પ્રદેશે દેશેજીરે;
શાસ્ત્ર પુરાણ ને ભણવા મેલી, વૈદાં કરી ધન લેશેરે. કલી૦ ૭
સુરા આમીસ મદ્ય મેલાવી, ઓષડ સૌને દેશેજીરે;
જીભ્યાના રસમાં લોભાઇ, અંત્યજનાં અંન લેશેરે. કલી૦ ૮
બ્રાહ્મણ જાતિ પોતે થઇને, નીચ ગુરૂ અનુસરશેજીરે;
અસત્ય ગુરૂનો ઉપદેશ લઇને, નિયમ ધર્મ પરહરશેરે; કલી૦ ૯
બ્રહ્મજ્ઞાન કથી તપ તીરથ વ્રત, ધ્યાન ભજન તજી દેશેજીરે;
વેદ પુરાણ હરી અવતાર હરીની, મૂરતી મિથ્યા કેહેશેરે. કલી૦ ૧૦
ચોરે ચકલે બેસી ધ્વીજવર, નારી કથાઓ ગાશેજીરે;
કોસ બોખના પાણી પીશે, બીજાને પણ પાશેરે. કલી૦ ૧૧
વટલ્યાની આશંકા મેલી, ચલમો પીશે તાણીજીરે;
પરમેશ્વરનો ડર નહીં રાખે, બોલશે મિથ્યા વાણીરે. કલી૦ ૧૨
શમ દમ તપ શાન્તિ શૌચાદીક, એ બ્રાહ્મણના ધર્મજીરે;
તેનો ત્યાગ કરીને દ્વીજવર, કરશે કુડાં કર્મરે. કલી૦ ૧૩
એવા અનંત અયોગ્ય કર્મ છે, કેટલાંક કહી સંભળાવુંજીરે;
કલિના દ્વીજનાં લક્ષણ કેહેતાં, અંતરમાં લજાવુંરે. કલી૦ ૧૪
સુરાતન ધીરજ ડહાપણ ને, યુધ્ધ થશે નવ્ય ભાગેજીરે;

ગૌબ્રાહ્મણ સાધુ સેવામાં, ક્ષત્રી નિત્ય અનુરાગેરે. કલી૦ ૧૫
તે સરવે ત્યાગીને ક્ષત્રી, કરશે પાપ અનેકજીરે;
તેમજ દાન પુન્ય હરી ભક્તિ, ત્યાગી દેશે છેકરે. કલી૦ ૧૬
જીવ દયા કરવી ક્ષત્રીને, તે કરશે જીવહિંસાજીરે;
ચોરી ચાડી ખાતર પાડી, ભેળા કરશે પૈસારે. કલી૦ ૧૭
જોડા ઊપર છાંટો પડતાં, ઢોર નરકમાં જાશેજીરે;
તે દારૂને ક્ષત્રી પીશે, બીજાને પણ પાસેરે. કલી૦ ૧૮
રાજાને રાજાના ચાકર, લાંચ લોકની ખાશેજીરે;
જુઠી જુઠી શાખો પુરી, અન્યાયો તોલાશેરે. કલી૦ ૧૯
ચાડીયા તે તો ચતુર કેહેવાશે, રૂડાં જંન દંડાશેજીરે;
હરામીથી સહુ હારશે, સાધુ જન પીડાશેરે. કલી૦ ૨૦
પાપ કર્મમાં બુડયા રેહેશે, ધર્મ લેશ નહીં પાળેજીરે;
સત પુરૂષની વાત નહીં માને, ચડશે અવળે ચાલેરે. કલી૦ ૨૧
વાણિયા આદી વૈશ્ય કહાવે, તે પણ નીજ ધર્મ લોપીજીરે;
પર નારી રત પાપી ગુરૂને, રેહેશે તન મન સોંપીરે. કલી૦ ૨૨
સાચા ધર્મને ખોટા કહેશે, ખોટાને સત્ય ગાશેજીરે;
ઊત્તમ જાતિ નાતરૂં કરશે, તહીં ખપે તેનું ખાશેરે. કલી૦ ૨૩
કેટલાંક માણસ દીકરીઓને, બાલપણામાં હણશેજીરે;
પરણાવ્યાનું કામ ખરચ્યાની, દાઝે પાપ નહીં ગણશેરે. કલી૦ ૨૪

વાણીયા તે તો ચોરી કરાવશે, નહી પાળે ધર્મ લેશજીરે;
ઉપરથી તો રૂડાં રાખશે, વૈશ્નવ કેરાં વેશરે. કલિ૦ ૨૫
કુડાં સાંખશે કાટલાં ઘરમાં, લોકને ઠગવા સારૂંજીરે;
ઓછું દેશે અધિકું લેશે, કરે કરમ નઠારૂંરે. કલિ૦ ૨૬
કંન્યા કેરૂં દામ ન લેવું, તેનું ફળ છે મોટુંજીરે;
તે કંન્યાના પૈશા લેશે, કરશે કરમ બહુ ખોટુંરે. કલિ૦ ૨૭
કૃષ્ણ નામનું માહાત્મ ગાઇને, છીનાળાં બહુ કરશેજીરે;
પ્રગટ પ્રભુની નિંદા કરશે, અસત્ય ગુરૂ અનુ સરશેરે. કલી૦ ૨૮
કેટલાક વર્ણીક કર્મને સત્ય કહી, નાસ્તિક મત અનુસરશેજીરે;
અવતારણ્-ભગવાન તજીને, પાપ કર્મ બહુ કરશેરે. કલી૦ ૨૯
તેમજ શુદ્ર પણ કલીયુગમાં, કરશે નિંદિત કર્મજીરે;
દગા ઘાત છલબલ બહુ કરશે, નહીં પાળે શુભ ધર્મરે. કલી ૩૦
ચોરી ને હિંસા બહુ કરશે, કરશે મદિરાપાનજીરે;
ભુત ભરવાડા ભુવા ધુણાવશે, નહીં ભજે ભગવાનરે. કલી૦ ૩૧
શુદ્ર જાતિ માણુસ કહાવે, તે ગુરૂ થઇ જગ ફરશેજીરે;
એક બ્રહ્મની વાતો કરશે, પરનારી સંગ કરશેરે. કલી૦ ૩૨
અસત્ય પુરૂષ ગુરૂ થઇ જગ ફરસે, કાન ફુંકી ધન લેશેજીરે;
વેદ પુરાણ શાસ્ત્ર હરી મુરતી, સૌને ખોટાં કહેશેરે. કલી૦ ૩૩
અસદ ગુરૂ ને તેના ચેલા સર્વે, અસત્ય માર્ગ અનુસરશેજીરે;

ભગની સુતા પુત્રની નારી, તેનો સંગ નિત્ય કરશેરે. કલી૦ ૩૪
એવા અનંત પાપે જુક્ત પ્રાણી, કલીયુગમાં બહુ થાશેજીરે;
નારાયણનું ભજન તજીને, અંન્ય દેવના ગુણ ગાશેરે. કલી૦ ૩૫
સાસુની શીખામણ વહુઓ, અંતરમાં નહીં ધારેજીરે;
માતાને વહુ નિત્ય દબાવશે, તોયે પુત્ર નહીં વારેરે. કલી૦ ૩૬
દીકરા પણ વહુની પક્ષ લઇને, માત પિતાને લડશેજીરે;
માત પિતા ઓશીયાળા થઇને, ખુણે બેઠાં રડશેરે. કલી૦ ૩૭
વાંકાં વાંકા વેણો કેહેશે, સાસુને વહુ આવીજીરે;
દીકરા તો જોઇ રાજી થાશે, મા ઉપર રીશલાવીરે. કલી૦ ૩૮
માતાને ઉદર દુઃખ દેતો, ઊંધે શીર રહ્યો ઝુલીજીરે;
પાળી પોશી મોટો કરશે, તે ગુણ જાશે ભુલીરે. કલી૦ ૩૯
સાસુ કેરાં વેણો ઉપર, વહુ વેણો બહુ લાવેજીરે;
દીકરા સાંભળી રાજી થાશે, સાસુ નણદી રીસાવેરે. કલી૦ ૪૦
મર્મ વચન સાસુ તે વહુને, કેહેશે તું શું લાવીજીરે;
તારા બાપની જાત હું જાણું, સરવે દેઉં બતાવીરે. કલી૦ ૪૧
લોકોનું લુંડાપણું કરતો, પેટ પરાણે ભરતોજીરે;
અન્ન વસ્ત્રને અરથે તારો, બાપ તો વલખાં કરતોરે. કલી૦ ૪૨
એવાં વાંકાં વેણો વહુને, સાસુ કેહેશે બળતાંજીરે;
ત્યારે વહુ સાસુને સુણાવવા, પતિને કેહેશે વળતાંરે. કલી૦ ૪૩

તારે પાલવે હું ક્યાં આવી, નિત્ય નિત્ય મેહેણાં ખાવાજીરે;
તારો બાપ નઠારો તુંને, સીદ આવ્યો પરણાવારે. કલી૦ ૪૪
ત્રણીને વહુઓ ધોકે મારશે, પર નર દેખી રાજીજીરે;
પતિ નારીને શિખામણ દેશે, તેને કેહેશે પાજીરે. કલી૦ ૪૫
પરણ્યા ધણીનો ત્યાગ કરીને, પર નર સંગ લપટાશેજીરે;
પતિવ્રતાનો ધર્મ નહીં પાળે, એવી નારીયો થાશેરે. કલી૦ ૪૬
ધણીયાણીનાં ધોશે વસ્ત્રો, હાથે રાંધશે હાલીજીરે;
બેહેન બનેવી બારણુ ન દેખે, પસળી લેશે સાળીરે. કલી૦ ૪૭
સસરા સાળા ને ત્રેવડશે, ભાઈયો સાથે વેરજીરે;
બેહેન ભાંણેજો ઘેર આવશે તો, લાગશે કડવાં ઝેરરે. કલી૦ ૪૮
બાલકનું ઉપરાણું લઈને, ભાઈ ભાઈ સંગે લડશેજીરે;
તુચ્છ પદાર્થો સારૂ બંધવ, એક બીજાને નડશેરે. કલી૦ ૫૦
જતી જોગી બ્રહ્મચર્ય ત્યાગી, પંચ વિશે પરહરસેજીરે;
ધન નારીનો સંગ્રહ કરશે, હરી સંગ હેત ન દિસેરે. કલી૦ ૫૧
જંત્ર મંત્ર ને દોરા ધાગા, ઘેરેઘેર કરતા ફરશેજીરે;
ત્યાગ વૈરાગ ને ધ્યાન ભજન સૌ, ત્યાગ કરી ધન હરસેરે. કલી૦ ૫૨
સદ્ પુરૂષનો દ્રોહજ કરશે, અસત્ય સંગાતે હેતજીરે;
ગાંજા ભાંગ અફીણ ને હોકા, પીતાં થાશે ફજેતરે. કલી૦ ૫૩
અંધ ગુરૂ તેના ચેલાને પણ, ધર્મમાં હેત ન દિસેજીરે;

નીચ ગુરૂનું એઠું ખાશે, ચર્ણ ધોઇ તેનાં પીસેરે. કલી૦ ૫૪
એવાં અનંત દોષે જુક્ત, ગુરૂને શિષ્ય બહુ થાશેજીરે;
વિધિ નિશેધનો ત્યાગ કરીને, એક બ્રહ્મ મુખ ગાસેરે. કલી૦ ૫૫
ગીતામાં અરજુનને કીધું, કૃષ્ણ પ્રભુ શ્રી મૂખજીરે;
અધર્મ કલીના વીટયા માણસ, મુજથી થાશે વિમુખરે. કલી૦ ૫૬
ત્યારે હું પ્રથ્વીમાં પ્રગટીસ, ધર્મના સ્થાપન સારૂંજીરે;
અધર્મ કલીનો નાશ કરીને, તારીશ જીવહજારૂંરે. કલી૦ ૫૭
કરૂણા કરી તે કૃષ્ણ કલીમાં, પ્રગટ થાશે સુખદેનજીરે;
હરી હરી કૃષ્ણ નામ કેહેવાશે, પુરૂષોત્તમ ભગવાનરે. કલી૦ ૫૮
કામ ક્રોધ મદ લોભના ત્યાગી, સાધુ કરશે અપારજીરે;
ધર્મ જ્ઞાન વૈરાગ્યે સોતી, ભક્તિ કરશે વિસ્તારરે. કલી૦ ૫૯
પાંડવને કૃષ્ણે કલી દાખ્યા, એ રીતે કલી ધર્મજીરે;
પાંડવ સુણી હેમાલે ગલીયા, જાણી સઘળો મર્મરે. કલી ૬૦
સંવત અઢાર સાડત્રીસે ગાયો, કલીયુગનો મહીમાયજીરે;
તેને ગાયે શીખે ને સાંભળે, તેનાં અઘ બળી જાયરે. કલી૦ ૬૧
પાંડવને શ્રી કૃષ્ણે કીધું તે, થયું ને થાશે તેમજીરે;
કર જોડી ગોવિંદરામ કેહે છે, પાળજો રૂડાં નેમરે. કલી૦ ૬૨

ઇતી કલીયુગના ધર્મ સંપૂર્ણ.

શ્રી ભગવાનના ૨૪ અવતાર તથા તેનો હેતુ કાર્ય તથા તે ચતુર્ભુજ મુર્તીના કરમાં આયુદ્ધ વિન્નતી રીતે ધરાવવાં તેનુ કોષ્ટક નીચે વાંચો.

અવતારનું નામ તથા તેનો હેતુ અને કાર્ય.

૧ સનકાદીક તે બ્રહ્માના સંકલ્પથી નૈષ્ઠિક
ઊંર્ધ્વ રેત ધર્મ સ્થાપવાને ... શંખ ચક્ર ગદા પદ્મ
૨ વારાહરૂપ હિરાક્ષ દૈત્ય પ્રથ્વિને પાતાળમાં
લઇ ગયો હતો તે દૈત્યને સંહારી
પ્રથ્વી પાતાળમાંથી લાવ્યા. ... ,, ,, ,,
૩ યજ્ઞ રૂપ સંસારના જીવોને યજ્ઞ કર્મ
શીખવવા અર્થે ... ... ,, ,,
૪ હયગ્રીવ બ્રહ્માંડની ઉત્પત્તિ સમયે મધુને
કૈટભનામે અસુર થકી બ્રહ્માની રક્ષા
કરી.... ... ... ,, ,, ,, ,,
૫ નરનારાયણ તે ધર્મ ભક્તિ થકી પોતે
બદ્રિ પતિ પ્રગટ થયા તે પોતે તપ
કરી ભૃતખંડના જીવોનાં કલ્યાણ અ
ર્થે આપતા હવા. ... ... ,, ,,
૬ કપીલ દેવ કર્દમરૂપી અને દેવહુતી અર્થે
શાંખ્ય યોગ દેખાડયો. ... ... ,, ,,

૭ દત્તાત્રેય ત્યાગને યોગ દેખાડવા અર્થે ૨૪ લક્ષ લઇ ૨૪ ગુરૂ કર્યા. ...શંખ ચક્ર ગદા પદ્મ

૮ રૂશભદેવ અસીમસી ક્રસી શીખવવા સાતમી ભૂમિકાનું જ્ઞાન દેખાડયું. ... ,, ,,

૯ પ્રથુરાજા તેની રસ સૃષ્ટીને રસાલ કરવા અર્થે. ... ... ,, ,, ,,

૧૦ મચ્છા અવતાર સત્યવ્રત રાજાને પ્રલયની લીલા દેખાડીને હયગ્રીવ દૈત્યને મારી બ્રહ્માને વેદ લાવી દીધા. ... ,, ,, ,, ,,

૧૧ કચ્છા અવતાર સમુદ્ર મંથન સમયે મંદ્રાચલ પર્વત પીઠ પર રાખ્યો. ... ,, ,, ,,

૧૨ ધનવંતરી ઔષધીયોનાં નાંમ ગુણ તથા ઉપયોગ બતાવવાને. ... ... ,, ,, ,, ,,

૧૩ હરી અવતાર ગ્રાહથકી ગજની રક્ષા અર્થે. ... ... ,, ,, ,, ,,

૧૪ નૃસિંહ રૂપ હિરણ્ય કશ્યપ દૈત્યને મારીને પ્રલ્હાદજીની રક્ષા કરી. ... ,, ,,

૧૫ વામનજી ઇંદ્રાદી દેવતાના હીત અર્થે બલીને છળવાને. ... ... ,, ,, ,,

૧૬ હંસ રૂપ સનકાદિકને જ્ઞાન આપવા
અર્થે... ... ... ચક્ર પદ્મ
૧૭ નારાયણ તે સ્વેચ્છાથી ધ્રુને દરશન
આપી વરદાન દેવાને ... ... શંખ ચક્ર ગદા પદ્મ
૧૮ મન્વંતર તે સુધર્મ મર્યાદા
સ્થાપન અર્થે... ... ... ,, ,,
૧૯ પરશુરામ આસુરી ક્ષત્રીને હણુવાને
અર્થે... ... ... ,, ,, ,, ,,
૨૦ રામચંદ્રજી રાવણાદી રાક્ષસ સંહા
રવા અર્થે... ... ... ,, ,,
૨૧ વેદ વ્યાસજી વેદપુરાણ ઇત્યાદી શાસ્ત્ર
પ્રગટ કરવા અર્થે... ... ,, ,, ,,
૨૨ શ્રી કૃષ્ણ કંસાદીક દુષ્ટ રાજા માર
વાને અર્થે... ... ... ,, ,,
૨૩ બુદ્ધાવતાર બોધથી જ્ઞાન આપી
જીવનાં કલ્યાણ અર્થે... ... ,, ,,
૨૪ કલકી તે કલીના અધર્મનો નાશ
કરી સતયુગના ધર્મ સ્થાપવાને... ,, ,,

ઇતી અવતાર સંપૂર્ણ.

કલીયુગમાં ૧ ગુણ રહેલો છે.

કે સત્ય, ત્રેતા ને દ્વાપર ત્રણ જુગની જે પ્રજા તે કલીમાં જન્મને ઇચ્છતીહવી. તે શા સારૂ તો કલીમાં નારાયણ પરાયણ સુ ધર્મ સહિત ભજન સ્મરણ અહોનીશ કરવાથી તુરત મુક્તિ થાય છે, એમ નવયોગેસ્વર જનક રાજા પ્રત્યે કેહેતાં હવા. ત્યાં શ્રીમદ્‌ભાગવતના એકાદશ સ્કંધને વિશે કહ્યું છે ત્યાં શ્લોક છે જે:-

कृतादिपुप्रजाराजन् कलांवीछंती संभवम्
कलौ खलु भाविष्यंति नारायण परायणाः १

એનો ભાવાર્થ પૂર્વે કહ્યો તેજ છે. વળી કર્યા શુભાશુભ કર્મ તુરત ભરી આપે છે. ભગવાનના નામ ચરિત્ર જે શાસ્ત્રમાં નથી તે કુપંથ જાણવો, અને જેમાં તે છે તે નીસ્કંટક માર્ગ જાણવો. તેમ વિષ્નુ સહસ્ત્રમાં કહ્યું છે કે:-

एषः निष्कटक पंथा यत्र संपुज्यते हरिः
कुपंन्थंतं विजानियात् गोविंद रहितागमं १ ॥

એનો ભાવાર્થ પણ પૂર્વ કહ્યો તેજ છે.

ઝુલણ.

સબ જગતમાં નરશ્રેષ્ટ અતિ, અબ રક્ત ફરેસબ સ્વારથમે,
કબુકાન ધરે નહીં લેશ રતી, જબુત્રિયાકે સંગ મહાભારથ,મે
૧૬ કર્મ ગીયા સબભર્મ રીયા, ત્રાસ ત્રાસ પોકારત પ્રારથમે,
પ્રલ્હાદ કહે કછુ કહુ કથી, રહો ચતુર નર મોક્ષારથમે ॥ ૧ ॥

यादृसंपुस्तकंदृष्ट्वा तादृसंलिखितंमया
यादिशुधमसुधवा ममदोषोनदियते ॥ १ ॥

હે! વાંચનાર મિત્રો, આ મેં જે કલી ધર્મ ગ્રંથ છપાવી બાહાર પાડયો છે તેમાં કંઇ અશુધ્ધ હોય તો તે મેહેરબાન સાહેબો સુધારી વાંચવા તસ્દી લેશો.

લા૦ પ્રલ્હાદ ધીરજરામ ત્રવાડી, કુંકડીયાવાળા.

ઠેકાણું—બાહારકોટ, ભુલેશ્વર મહાદેવ સામે.

શ્રી બાલાજી નેડે મુનિ ત્રીભોવનદાસ કાલિદાસ સોપારી વાળાની દુકાને.

સમાપ્ત.